જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૦/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૦૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૦૨ | ૨૦ | ૧૦૬૨૨ | ૧૬૭૧૬ | ૨૪ | ૧૬૭૪૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૩ | ૧ | ૪૩૪૪ | ૫૮૫૮ | ૦ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૭૦૪ | ૪૫ | ૧૪૭૪૯ | ૧૫૪૭૫ | ૪૨ | ૧૫૫૧૭ |
| | કુલ | ૨૯૬૯૭ | ૬૬ | ૨૯૭૬૩ | ૩૮૨૬૮ | ૬૬ | ૩૮૩૩૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨૦ | ૧૩,૮૩,૧૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૭૯ | ૧૭,૭૯,000/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## **સરખેજ પોલીસ સ્ટેશનઃ-**

## **એકસેસચોરીના આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ આર.વી અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રેમ સુખ ડેલૂ સાહેબ ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,વી.જી.પટેલ સાહેબ "એમ" ડિવીઝનનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ અમો સરખેજ પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.હેડ.કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ બ.નં-૮૪૭૪ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અનાર્મ લોકરક્ષક રાજેશભાઇ મોહનભાઇ બ.નં.૧૪૪૭ તથા અ.પો.કોન્સ.નરેન્દ્રસિંહ ફતેસિંહ બ.નં.૧૩૧૭૨ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા સરખેજ પોલીસ સ્ટેશનના અ.લોકરક્ષક જયરાજદાન કિરીટદાન બ.નં.૧૩૦૨૯ તથાબીજા સ્ટાફના માણસો સાથે મીલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ ગુન્હા શોધવા સબબ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેનાઅ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇતથા અ.લોકરક્ષક જયરાજદાન કિરીટદાનનાઓનીસંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારેસરખેજ ઢાળ ચાર રસ્તા આગળથી ચોરી કરેલએકસેસ નં.GJ-01-SR-4841કિં.રૂ.૧૫,૦૦૦/- ની મતાની.સાથે આરોપીને પકડી પાડીઆનંદનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૯૨/૨૦૧૯ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે આરોપીઓને પકડી અટક કરી ઉપરોક્ત અન ડીટેકટ ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

<u>કબ્જે કરેલ મુદ્દામાલ-</u>

(૧)ગુનાના કામે ચોરીમાં ગયેલ એકસેસ નં.GJ-01-SR-4841 કિં.રૂ.૧૫,૦૦૦/-

<u>પકડાયેલ આરોપીઓ:-</u>

(૧)રફિક ઉર્ફે બાદશા સન/ઓ સુલેમાનભાઇ રૂસ્તમભાઇ જાદવ ઉ.વ.૩૨ રહે,સિપાઇ વાસ જામા મસ્જીદ પાસે સરખેજ ગામ અમદાવાદ શહેર

(૨)આરીસ ઉર્ફે કટીયો સન/ઓ બાબુભાઇ વલીભાઇ મંસુરી ઉ.વ.૨૫ રહે, કચરાભાઇની ચાલે ઝાંપલી વાળો વાસ સરખેજ ગામ અમદાવાદશહેર



# <u>પાસા અટકાયતની વિગત</u>

**<u>ઇસનપુર પોલીસ સ્ટેશનઃ-</u>**

**<u>(૧)</u>**

## <u>પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી જામનગર જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ પ્રોહીબિશનના ગુનાઓમા પકડાયેલ આરોપી નેશ ઉર્ફે મોનશુ સ/ઓ એરીક બેન્જામીન લી (ક્રિશ્ચયન) ઉ.વ ૨૨ રહે,મ.નં ૯/૨૦૦ જુના સ્લમ ક્વાટર્સ મેથોડિસ્ટ ચર્ચની સામે શિવમનગર ખોખરા અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ ડી.ટી.એન/પાસા/૯૯૬/૨૦૨૦ તા.03/૧૦/૨૦૨૦ થી રાજકોટ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.0૬/૧૦/૨૦૨૦



(૨)

## પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી જામનગર જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ પ્રોહીબિશનના ગુનાઓમા પકડાયેલ આરોપી ભુપેન્દ્ર ઉર્ફે ચિરાગ સ/ઓ અજીતભાઇ હંસરાજભાઇ જૈન ઉ.વ ૨૯ રહે,મ.નં ૫ કુંજગીરી ફ્લેટ રૂક્ષ્મણીબેન હોસ્પીટલની સામે ખોખરા અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને સા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૯૯૫ /૨૦૨૦ તા.03/૧૦/૨૦૨૦ થી ખાસ જેલ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.0૬/૧૦/૨૦૨૦



**ઘાટલોડીયા પોલીસ સ્ટેશનઃ-**

મે.પોલીસ કમી.શ્રી. સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.બી અસારી સાહેબ સયંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો.રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ નાઓની સુચનાથી તથા શ્રી એમ.એ.પટેલ મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબના માર્ગદર્શન હેઠળ તડીપાર/પાસા અટકાયતી હુકમની બજવણી ટાળવા સારૂ નાસતા ફરતા ઇસમોને સત્વરે પકડી બજવણી કરવા સુચના મળેલ જે આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર દ્વારા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૯૯૮/૨૦૨૦ તા.૦૫/૧૦/૨૦૨૦ આધારે અસ્ફાક ઉર્ફે દીના સ/ઓ કાળુભાઇ મેમણ ઉ.વ-૨૮ રહે-એ/૨૩ ચોથો માળ શેખાવટી પ્લાઝા દાણીલિમડા ચાર રસ્તા પાસે દાણીલીમડા અમદાવાદ શહેર મુળવતન-નાના ખુંટવાડા તા-તળાજા જી-ભાવનગર નાને આજરોજ તા-૦૫/૧૦/૨૦૨૦ ના કલાક ૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.

## <u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૦૬/૨૦૨૦</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૨૧ લીટર દેશી દારૂ, ૧૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૦૭/૨૦૨૦</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૦૮/૨૦૨૦</u>

**જી.આઇ.ડી.સી.વટવાઃ** રવીભાઇ લાલસિહ રાજપુત (ઉ.વ.૨૩) (રહે.સ્વસ્તીક બંસીધર એન્જીનીયરીંગ કંપાઉન્ડ એ.એમ.ટેક્ષટાઇલ સામે સુદામા એસ્ટેટ પાસે ગોકુલેશ પેટ્રોલપંપ સામે નારોલ) એ તા.૦૫/૧૦/૨૦૨૦ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૧/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી દેવેન્દ્રસિહ અમરસિહ જાડેજા (રહે.જયજવાન કંમ્પાઉન્ડ કેડીલા બ્રીજ સામે શર્મા હોસ્પીટલ રોડ જશોદાનગર) એ રવીભાઇ રાજપુત તથા તેમના માસીના પુત્ર કિશન કમલેશસિહ રાજપુતને આર્મી અને એરફોર્સમાં નોકરી અપાવવાની લાલચ આપી રવીભાઇ પાસેથી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/- તેમજ તેમના માસીના પુત્ર કિશન પાસેથી કુલ રૂપિયા ૧,૫૫,૦૦૦/- મેળવી લઇ, બંનેને નોકરી નહી અપાવી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

## <u>લુંટ :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૦૯/૨૦૨૦</u>

**શાહીબાગઃ** મિહીરભાઇ રજનીકાંતભાઇ પટેલ (ઉ.વ.૩૭) (રહે. ચીમનલાલ ઘાંચીની ચાલી નમ્રતા હાર્ટ હોસ્પિટલ પાછળ સિવિલ કોર્નર પાસે શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૦ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે અસારવા સ્વામીનારાયણ કોમ્પલેક્ષ “રેડીયોરેઝ એક્ષરે” નામની વર્કશોપ આગળ પાર્ક કરેલ પોતાની કાર આગળ આવેલ ચાર અજાણ્યા પુરૂષો એ ભેગા મળી સાહેદ ફેઝુદ્દીનખાન એહમદખાન પઠાણને ગડદાપાટુનો માર મારી ગાડીના દરવાજાનો કાચ તોડી ગાડીમાંથી આઇ.આઇ.ટી.વી સોની કંપનીનો કેમેરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૭૧૦/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટઃ** વિષ્ણુભાઇ વાધુભાઇ દેસાઇ (રહે.ફેઝ-૧ ગ્રીનવુડ ગાર્ડન સીટી શની કુટીરની લાઇનમા એસ.પી.રીંગ રોડ ઓગણજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૦૫/૧૦/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી (૧) સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- (૨) ચાંદીનો સિક્કો કિમત રૂપિયા ૨,૫૦૦/- (૩) માતાજીના ચાંદીના ચાર સત્તર તથા ચાંદીના ત્રણ ઘર અને ચાંદીનુ પારણુ કિમત રૂપિયા ૭,૦૦૦/- (૪) દાન પેટી માંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- (૫) પાકિટમાંથી રોકડ રૂપિયા ૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**ઓઢવઃ** દિપસિંગ દોલતસિંગ સોઢા (રહે.મંગલમ પાર્ક સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ તા.૦૫/૧૦/૨૦૨૦ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૦ બપોરના ૪/૦૦ થી તા.૦૫/૧૦/૨૦૨૦ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એ.ઝાલા ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૧/૨૦૨૦**

**આનંદનગરઃ** વસ્ત્રાપુર ફાટક પાસે લક્ષ્મીકૃપા સોસાયટી ખાતે રહેતા શંભુભાઇ બબાભાઇ દેસાઇ નો અઢી વર્ષનો પુત્ર વિરયલ તા.૦૫/૧૦/૨૦૨૦ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા ઘરની બહાર ફળીયામા આવેલ ભોંયતળીયામાં અંડર ગ્રાઉન્ડ ટાંકીમા પડી જતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુનીરમહમદ ઇસુબભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૨/૨૦૨૦**

**ચાંદખેડાઃ** સીતારામ અમરચંદ અહિરવાર (ઉ.વ.૨૯) (રહે. દુર્ગાચોક ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૦ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે વેન્ટીલેટરની જાળી સાથે રૂમાલ તથા ટાઇ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શામળભાઇ ગાંડાભાઇ ચલાવે છે.

**ઈસનપુરઃ** રમજાની ઉર્ફે અસ્લમ ગનીભાઇ ચેલાવાલ (ઉ.વ.૪૧) (રહે. નગ્માનગર છીપા સોસાયટી પાછળ દાણીલીમડા) એ આર્થિક સંકડામણને લીધે તા.૦૫/૧૦/૨૦૨૦ કલાક ૫/૩૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન ચોકીદાર બાવાની દરગાહની લાઇનમા મિલ્લતનગર રોડ ઉપર આવેલ કારખાનામાં લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રફીકઅહેમદ ઉસ્માનગનીચલાવે છે.

**મણીનગરઃ** અભીષેક અનીલભાઇ પંડ્યા (રહે. ગણેશગલી પથીક એપાર્ટમેન્ટ ગોપાલ ટાવરની બાજુમાં મણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**વટવાઃ** શંભુભાઇ શ્રીકાંત ગૌડ (ઉ.વ.૩૭) (રહે. આશાપુરાનગર દેવીમાતાના મંદિર પાસે વટવા ગામ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે નાયલોન દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઈ ગીબાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી